પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૮૬, કુલ પાના:૪, તારીખ: ૦૨-૦૪-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 186 PRICE :-RS. 1.50 DATE : 02-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નંદીગ્રામના કમલપુર નજીક ભાજપના ઉમેદવાદર શુભેંદુ અધિકારીના કાફલા પર હુમલો

## પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું ૮૦ અને આસામમાં ૭૩ ટકા મતદાન



ગુવાહાટી,
પશ્ચિમ બંગાળ અને આસામની ૬૯ બેઠકો પર ગુરુવારે બીજા તબક્કાની ચૂંટણી માટે મતદાન થયું હતુ. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ બપોરે ૫:૩૬ વાગ્યા સુધીમાં પશ્ચિમ બંગાળમાં ૮૦.૪૩% અને આસામમાં ૭૩.૦૩% મતદાન નોંધાયું છે. આ દરમિયાન નંદીગ્રામના એક મતદાન કેન્દ્ર પર ભારે હોબાળો થયો હતો. અહીંયા ટીએમસીના કાર્યકરોએ આરોપ હતા કે તેમને મતદાન કરવા માટે નથી જવા દેવામાં આવી રહ્યા.

મમતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી ચૂંટણીના દિવસે બંગાળમાં ચૂંટણી પ્રચાર કઈ રીતે કરી શકે છે? મમતાએ આરોપ લગાવ્યા હતા કે અમિત શાહ સીધા જ કેન્દ્રથી મોકલવામાં આવેલા સુરક્ષકર્મીઓને આદેશ આપી રહ્યા છે. આ ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન છે.

આ દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી અચાનક બોયા ગામના મતદાન કેન્દ્ર પર પહોંચ્યા હતા. મમતા વ્હીલચેર પર ત્યાં પહોંચ્યા હતા અને લોકો સાથે વાત પણ કરી હતી. મમતાએ કહ્યું કે ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો વાતાવરણ ખરાબ કરી રહ્યા છે. બહારના ગુંડા મતદાનને પ્રભાવિત કરી રહ્યા છે. ચૂંટણી પંચને અનેક વખત ફરિયાદો કરવામાં આવી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. તેમણે રાજયપાલને આ મામલે દખલ કરવા વાત કરી હતી. તેમણે કહ્યું કે જો ચૂંટણી પંચ કાર્યવાહી નહીં કરે તો તે કોર્ટમાં જશે.

તૃણમૂલ કોંગ્રેસનાં રાજ્યસભા સાંસદ ડેરેક ઓ બ્રાયને ચૂંટણી પંચને પત્ર લખીને નંદીગ્રામ વિધાનસભા વિસ્તારમાં ભાજપના કાર્યકરો દ્વારા બૂથ કેપ્ચરિંગનો આરોપ લગાવ્યો હતો. તેમણે લખ્યું કે ભાજપના કાર્યકરોની ભારે ભીડ મતદાન કેન્દ્રમાં ઘૂસી ગઈ હતી. ભાજપના કાર્યકરો ઈવીએમમાં ચેડાં કરવાના અને બૂથ પર હોબાળો કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે, ભાજપે પણ અનેક જગ્યાએ આ જ પ્રકારના આરોપ તૃણમૂલના કાર્યકરો પર લગાવ્યા છે.

નંદીગ્રામના કમલપુર નજીક ભાજપના ઉમેદવાદ શુભેંદુ અધિકારીના કાફલા પર હુમલો કરવામાં આવ્યો છે. હુમલામાં મીડિયાના વાહનોને પણ નુકશાન પહોંચ્યું છે. શુભેંદુએ આરોપ લગાવ્યા છે કે આ પાકિસ્તાનીઓનું કામ છે. જય બાંગ્લા બાંગ્લાદેશનો નારો છે. આ દરમિયાન, પશ્ચિમ મેદિનીપુરના કેશપુરમાં બૂથ નંબર ૧૭૩ પર તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો પર ભાજપના પોલિંગ એજન્ટને માર મારવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. પોલિંગ એજન્ટને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.

## આણંદના મલાતજ અને પણસોરામાં ૧૫ દિવસનું લોકડાઉન જાહેર કરાયું



આણંદ,
ગુજરાતમાં કોરોના વાયરસનો હાહાકાર મચેલો છે, જેમાં અમદાવાદ અને સુરતમાં દરરોજ સૌથી હાઈએસ્ટ કેસ નોધાઈ રહ્યા છે. બીજી બાજુ એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. આણંદના માલતાજ અને પણસોરામાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધી રહી છે. જેના કારણે ગ્રામ પંચાયત દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તારીખ ૧થી ૧૫ એપ્રિલ સુધી આણંદના માલતાજ અને પણસોરામાં લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.

કોરોનાનું સંક્રમણ વધતા ૧૫ દિવસ લૉકડાઉન જાહેર થતાં લોકોમાં કચવાટ પણ જોવા મળી રહ્યો છે. પરંતુ ગ્રામ પંચાયત દ્વારા લેવાયેલા આ નિર્ણય પ્રમાણે આવશ્યક ચીજવસ્તુ ખરીદવા માટે લોકોને એક વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. બપોરે એક વાગ્યા બાદ સંપૂર્ણ દુકાનો બંધ રહેશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે આણંદ જિલ્લાના મલાતજ અને પણસોરા ગામે સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા ૧ એપ્રિલથી ૧૫ એપ્રિલ સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે અને જો આ લોકડાઉનનો અમલવારી નહીં કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ નોટીસ જાહેર કરવામાં આવી છે.

આણંદ જિલ્લાના માલતાજ અને પણસોરા ગામે ગ્રામ પંચાયત દ્વારા સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આજથી ગામમાં લોકડાઉનનો અમલ કરવામાં આવશે. સવારે ૬ વાગ્યાથી બપોરના ૦૧ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રહેશે. ત્યારબાદ સમગ્ર ગામમાં સ્વૈચ્છિક લોકડાઉન કરવામાં આવશે. જો કે, આ અંગે નોટીસ ઈશ્યુ કરી છે અને જો તેની અમલવારી નહીં કરનાર સામે દંડનીય કાર્યવાહી થશે.

## દેશમાં કોરોનાની બુલેટ ગતિ: ૨૪ કલાકમાં ૭૨,૩૩૦ નવા કેસ



ન્યુ દિલ્હી,
ભારતમાં ૨૪ કલાકમાં નોંધાતા કોરોનાના કેસમાં બહુ મોટો ઉછાળો આવ્યો છે. મંગળવારે જેટલા કેસ નોંધાયા હતા તેની સરખામણીમાં બુધવારે ૧૯,૦૦૦ જેટલા વધુ કેસ નોંધાયા છે. આ સાથે મૃત્યુઆંક પર સાડા ૪૦૦ને પાર થઈ ગયો છે. ભારતમાં જે રીતે કોરોનાના કેસ વધી રહ્યા હતા તેની સાથે એક્ટિવ કેસ અને મૃત્યુઆંક પણ મોટા થઈ રહ્યા છે.

ગુરુવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૨,૩૩૦ કેસ નોંધાયા છે અને ૪૫૯ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. ભારતમાં કોવિડ-૧૯ના કુલ કેસનો આંકડો ૧,૨૨,૨૧,૬૬૫ થઈ ગયો છે.

વધુ સાડા ૪૦૦ લોકોના મોત સાથે દેશમાં કુલ મૃત્યુઆંક ૧,૬૨,૯૨૭ પર પહોંચી ગયો છે, અને એક્ટિવ કેસની સંખ્યા પોણા છ લાખને પાર કરીને ૫,૮૪,૦૫૫ થઈ ગઈ છે. જ્યારે ૪૦,૩૮૨ લોકએ બુધવારે કોરોના વાયરસને હરાવ્યો છે, દેશમાં કોરોનાને હરાવનારા કુલ દર્દીઓની સંખ્યા ૧,૧૪,૭૪,૬૮૩ થઈ ગયો છે.

ICMRના આંકડા પ્રમાણે બુધવારે ૧૧,૨૫,૬૮૧ લોકોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે, જેની સાથે અત્યાર સુધીમાં ટેસ્ટ માટે લેવાયેલા સેમ્પલનો કુલ આંકડો ૨૪,૪૭,૯૮,૬૨૧ થાય છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યા પ્રમાણે કુલ ૬,૫૧,૧૭,૮૯૬

(અનુ.પાના.નં.૨)

## કોરોના છતાં માર્ચમાં GSTની રેકોર્ડ ૧.૨૩ લાખ કરોડની કમાણી

ન્યુ દિલ્હી,
નાણા મંત્રાલયએ ગુરૂવારે કહ્યુ કે, માર્ચમાં જીએસટી સંગ્રહ વધીને ૧.૨૩ લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ ઉંચાઈએ પહોંચી ગયો, જે પાછલા વર્ષની સમાન અવધીના મુકાબલે ૨૭ ટકા વધુ છે. મંત્રાલયે કહ્યું, જીએસટી આવક છેલ્લા છ મહિના દરમિયાન એક લાખ કરોડ રૂપિયાથી વઠધુ રહી છે, અને આ સમયમાં તેજીથી વૃદ્ધિના વલણથી મહામારી બાદ આર્થિક સુધારના સંકેત સ્પષ્ટ મળે છે.

મંત્રાલયે આગળ કહ્યું કે, જીએસટી, આવકવેરા અને કસ્ટમ્સ આઈટી સિસ્ટમ્સ સહિતના બહુપક્ષીય સ્ત્રોતથી મળનાર ડેટાનો ઉપયોગ કરી નકલી-બિલિંગ વિરુદ્ધ ખાસ નજર રાખવામાં આવી છે, જેણે આવક સંગ્રહમાં યોદગાન આપ્યું છે.

જીએસટીની કુલ આવક માર્ચ ૨૦૨૧માં ૧,૨૩,૯૦૨ કરોડ રૂપિયા રહ્યું, જેમાં કેન્દ્રીય જીએસટીના ૨૨૯૭૩ કરોડ રૂપિયા, રાજ્ય જીએસટીના ૨૯૩૨૯ કરોજ રૂપિયા અને ઈન્ટિગ્રેટેડ જીએસટીના ૬૨,૮૪૨ કરોડ રૂપિયા (વસ્તુઓના આયાત પર જમા ૩૧,૦૯૭ કરોડ રૂપિયા સહિત) અને ૮,૭૫૭ કરોડ રૂપિયાનો સેસ શામેલ છે (માલની આયાત પર જમા કરાયેલા ૯૩૫ કરોડ રૂપિયા સહિત) સામેલ છે.

મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું, માર્ચ ૨૦૨૧ દરમિયાન જીએસટી આવક, જીએસટીની શરૂઆતથી સૌથી વધુ છે. છેલ્લા પાંચ મહિનામાં જીએસટી આવક સંગ્રહની પ્રવૃતિના અનુરૂપ માર્ચ ૨૦૨૧માં આવક સંગ્રહ પાછલા વર્ષની સમાન અવધિના મુકાબલે ૨૭ ટકા વધુ રહ્યો છે.

## ભારતમાંથી કપાસ-ખાંડની આયાત કરવાનો નિર્ણય ઈમરાન સરકારે પરત ખેંચ્યો



ન્યુ દિલ્હી,
પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે પોતાના દેશમાંથી થઈ રહેલા વિરોધની આગળ ઝુકતા ભારતથી કપાસ અને ખાંડની આયાત કરવાના નિર્ણયને પાછો ખેંચી લીધો છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ઈમરાન ખાનની કેબિનેટે ભારતથી કપાસ અને ખાંડ આયાત કરવાના કેબિનેટ આર્થિક સમન્વય સમિતિના નિર્ણયને ફગાવી દીધો છે. ભારતથી કપાસ મંગાવવાની કપડા ઉદ્યોગ માંગ કરી રહ્યું છે. તો કટ્ટરપંથી આ વાત માટે ઈમરાન ખાન સરકારની ટીકા કરી રહ્યા હતા, કે તેઓ કાશ્મીરમાં બદલાવ વગર જ ભારતની સામે ઝુકી ગયા. ગુરૂવારના પાકિસ્તાની કેબિનેટના નિર્ણયમાં કપાસની આયાતના નિર્ણય પર રોક લગાવવાનો નિર્ણય થયો. આ પહેલા પાકિસ્તાનની કેબિનેટ આર્થિક સમન્વય સમિતિએ બુધવારના ભારતની સાથે વ્યપાર ફરીથી શરૂ કરવાને મંજૂરી આપી હતી.

(અનુ.પાના.નં.૨)

### ખાનગી યુનિવર્સિટી સુધારણા બિલ વિધાનસભામાં પસાર

## રાજયની પ્રથમ મહિલા યુનિવર્સિટી સુરતમાં સ્થપાશે

ગાંધીનગર,
વિધાનસભામાં શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિહ ચુડાસમાએ ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ સર્વાનુમતે પારિત કરવામાં આવ્યું છે. જેમાં, રાજયમાં નવી સાત ખાનગી યુનિવર્સિટીની મંજૂરી આપવામાં આવી છે. ત્યારે, સુરતમાં રાજયની પહેલી મહિલા યુનિવર્સિટીની પણ સ્થાપના કરવાંમાં આવશે.

શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, ગુજરાતના વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિ અનુરૂપ વિશ્વકક્ષાનું ગુણવત્તાયુકત અને સમયની માંગ આધારિત ઉચ્ચ શિક્ષણ પુરૂં પાડવા સરકાર પ્રતિબદ્ધ છે. રાજયમાં સરકાર સંચાલિત યુનિવર્સિટીઓને પૂરક બનીને ખાનગી યુનિવર્સિટીઓ પણ ક્વોલિટી એજ્યુકેશન આપવામાં કસોટીની એરણે ખરી ઉતરી છે. રાજ્યના યુવાનોને ગુજરાત બહાર કયાંય ઉચ્ચ શિક્ષણ મેળવવા મોંઘીદાટ ફી ભરીને જવું ન પડે અને ઘરઆંગણે જ વર્લ્ડ કલાસ એજ્યુકેશન આપીને ગુજરાતને એજ્યુકેશનલ હબ બનાવવાના નિર્ધારમાં પણ આવી યુનિવર્સિટીઓ સ્પર્ધાત્મક શિક્ષણ પુરૂં પાડી રહી છે.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલથી રાજયમાં નવી ૭ ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપનાને મંજૂરી મળવાની છે. આ નીતિના આયોજનમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૫૦ ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. વધુમાં શિક્ષણ પ્રધાને કહ્યું કે, ગુજરાતમાં હાલ ધોરણ-૧૨ પછી કોલેજમાં પ્રવેશની જે ટકાવારી ૨૨.૫ ટકા જેટલી છે. તેને નવી શિક્ષણ નીતિ મુજબ ૫૦ ટકાએ પહોચાડવા શિક્ષણનો વ્યાપ વિસ્તારવો આવશ્યક છે.

## સમાધાનના ૨.૫૪ કરોડ રૂપિયાની રિકવરી માટે કોર્ટમાં કરેલી અરજી પરત ખેંચાઈ

અમદાવાદ,
ફિઝુની હત્યાના પ્રયાસ કેસમાં પોપ્યુલર બિલ્ડર રમણ પટેલ સહિત તમામ સામે પુત્રવધુ ફિઝુએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ફિઝુની માસીએ ક્રાઈમ બ્રાન્ચએ રિકવર કરેલા ૨.૫૪ કરોડ પરત મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી તેને પરત ખેંચી લીધી છે અને હવે આગામી દિવસોમાં સેશન કોર્ટમાં નવેસરથી અરજી કરી શકે છે. બીજી તરફ આ કેસ રમણ પટેલ અને દશરથ પટેલ સામે ચાર્જશીટ થયા બાદ હવે આ કેસમાં તમામ સામે ચાર્જફેમની કાર્યવાહી કરી કેસ ચલાવવાની કાર્યવાહી કોર્ટમાં ચાલી રહી છે. આ તરફ સરકારી વકીલે એવી રજૂઆત કરી હતી કે, આ કેસ રજિસ્ટર્ડ થયા બાદ ચાર્જશીટ થઈ હતી અને કેસ કમિટ થઈ ગયો છે તેથી આ અરજી હવે આ કોર્ટમાં ટકી શકે નહીં. ત્યારબાદ નિમાબહેનના વકીલે સેશન્સ કોર્ટમાં નવેસરથી અરજી કરીશું તેમ કહીને મુદ્દામાલ અરજી પરત ખેંચી હતી. જેથી હવે સેશન્સ કોર્ટમાં મુદ્દામાલ માટે અરજી કરવામાં આવે તેવી શક્યતા છે.

## ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભામાં લવ જેહાદ કાયદનું બિલ રજૂ કર્યું




ગાંધીનગર,
ગુજરાત વિધાનસભામાં આજે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ લવ જેહાદના કાયદાનું બિલ રજુ કર્યું હતું. જેને અયોગ્ય ઠેરવીને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ બિલને ફાડી નાંખ્યું હતું. બિલ ફાડી નાંખતાં જ પ્રદિપસિંહ જાડેજાએ ખેડાવાલા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ નિવેદન આપતાં કહ્યું હતું કે હું નખશીખ હિન્દુ છું અને હિન્દુ હોવાનું મને ગૌરવ છે. હિંદુ ધર્મમાં ૩૩ કરોડ દેવી દેવતાઓ છે. પરંતુ મુઠ્ઠી ભર લોકો અયોધ્યામાં તમે માથું નમાવો તો જ હિન્દુ હોવાનું સર્ટીફિકેટ વહેંચવા નીકળ્યા છે. અમને તેનો વિરોધ છે. વિધાનસભામાં લવ જેહાદ પર બોલતા પરેશ ધાનાણી મુખ્યમંત્રી સુધી પહોંચ્યા હતાં. ધાનાણીએ મુખ્યમંત્રીને અભિનંદન આપતાં કહ્યું હતું કે, એ સમયે એમણે ધર્મના વાડા તોડી લગ્ન કર્યા હતાં. ત્યારે ભુપેન્દ્રસિંહે મુખ્યમંત્રીના ઉલ્લેખ સામે વાંધો ઉઠાવ્યો હતો. વિધેયકમાં લવ જેહાદ શબ્દનો ઉલ્લેખ નથી. ૨૦૦૩માં તમે ધર્મ સ્વતંત્રતા વિધેયક લાવ્યા હતાં. આજે ફરી લાવ્યા છો. ૧૭ વર્ષમાં તમે આવી ઘટનાઓ રોકી શક્યા નથી. પ્રેમના સીમાડા નથી હોતા, પ્રેમ સાથે છેડછાડ કરનારનો વિનાશ થાય છે. એમ પરેશ ધાનાણીએ કહ્યું હતું.

ગુજરાત વિધાનસભામા વર્ષ ૨૦૦૩ના ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમમા સુધારા વિધેયક રજૂ કરતા પ્રદીપસિંહ જાડેજા એક કલાક અને અગીયાર મિનિટ બોલ્યા છે. એમણે "લવજેહાદ"ની વિસ્તારથી વ્યાખ્યા પણ બાંધી છે. આવા કાયદાઓ વિશ્વના બીજા દેશો અને ભારતના કેટલાક રાજ્યોમા અસ્તિત્વ ધરાવતા હોવાનુ પણ તેમણે કહ્યુ છે.

પ્રદિપસિંહ જાડેજાએ ગૃહમાં બિલ રજૂ કરતા સમયે જણાવ્યું કે, હિન્દૂ સમાજ દીકરીને કાળજાના કટકા સમાન ગણે છે. દીકરી એ આપણું અંગ છે, દીકરીને પારકી થાપણ કહેવાય પણ દીકરીને જેહાદી હાથોમાં ના જવા દેવાય. દીકરીને કસાઈઓના હાથમાં જતી બચાવવા માટે અમે કાયદો લાવ્યા છીએ. સમાજ દ્વારા જુદી જુદી રજૂઆતોને આધારે આજે આ બિલ લાવવામાં આવશે. હિન્દુ યુવતીઓને લવ જેહાદના નામે ધર્માંતર કરાવીને, તેમની સાથે લગ્નગ્રંથિથી જોડાઈને અનેક દીકરીઓના જીવન નર્ક બનાવી નાંખવાની માનસિકતાવાળા આ જેહાદી તત્વોની સામે સખતાઈથી અને કડકાઈથી કામ કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે. જે અંતર્ગત ખોટું નામ કહીને હિન્દુ યુવતીઓ સાથે લગ્ન કરનારાઓની હવે ખેર નથી.

આજનું ધર્માંતરણ એ આવતી કાલનું રાષ્ટ્રતરણ છે. જેને અટકાવવા માટે અમે આ કાયદો લાવી રહ્યાં છીએ. યુવક નાડાછડી પહેરીને આવે જેથી યુવતીને હિન્દુ લાગે છે, હિન્દુ નામ ધારણ કરીને હિન્દુ ધર્મમાં માનતો હોવાનું પ્રસ્થાપિત કરે છે. ધર્મ પરિવર્તન કરાવવાનો યુવકનો આશય છે. ધર્મ પરિવર્તન બાદ યુવતીને પાછા ફરવાનો કોઈ રસ્તો મળતો નથી હોતો, જેથી ઘણી યુવતીઓ આત્મહત્યા પણ કરે છે. કેરળમાં ચર્ચના રિપોર્ટને ટાંકીને પ્રદિપસિંહ જાડેજાએ કહ્યુ ધર્માંતરણ બાદ યુવતીઓનો જેહાદી અને આતંકી પ્રવૃતિઓમાં પણ ઉપયોગ થઈ રહ્યો છે.

### મકાન ખાલી કરવા આનાકાન કરનાર ભાડુઆતને સુપ્રિમની ફટકાર

## ભાડુઆત પોતાને મકાન માલિક ન સમજે: સુપ્રિમ કોર્ટ



ન્યુ દિલ્હી,
મકાન ખાલી કરવા માટે આનાકાની કરનારા એક ભાડુઆતને સુપ્રીમ કોર્ટે રાહત આપવાનો ઈંકાર કરી દીધો છે. સાથે જ સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરે છે કે જેમના પોતાના ઘર કાચના હોય તેઓ બીજાના ઘરે પર પથ્થર નથી ફેંકતા. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ ફરી એક વખત સાબિત થઈ ગયું છે કે મકાન માલિક જ કોઈ મકાનનો અસલી માલિક હોય છે. આથી ભાડુઆત ગમે એટલા દિવસો સુધી કોઈ મકાનમાં રહે તેમણે એ ન ભૂલવું જોઈએ કે તેઓ માત્ર ભાડુઆત છે, મકાનના માલિક નહી. જસ્ટિસ રોહિંગ્ટન એફ નરીમાનના વડપણ હેઠળની ત્રણ સભ્યોની ખંડપીઠે આ અંગે સુનાવણી કરતા ભાડુઆત દિનેશને કોઈ જ રાહત આપવાનો ઈંકાર કર્યો હતો. સાથે જ આદેશ કર્યો કે તેણે પરિસર ખાલી કરવું જ પડશે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ભાડુઆત દિનેશને તાત્કાલિક બાકી રહેલું ભાડું ચૂકવી આપવા માટે આદેશ કર્યો હતો.

ભાડુઆતના વકીલ દુષ્યંત પારાશરે ખંડપીઠને જણાવ્યું કે, તેમના અસીલને બાકીની રકમ ચૂકવવા માટે સમય આપવામાં આવે. આ અંગે કોર્ટે ભાડુઆતને મુદત આપવાનો ઈંકાર કરી દીધો હતો. કોર્ટે કહ્યું કે, જેવી રીતે આ કેસમાં તમે મકાન માલિકને પરેશાન કર્યાં છે તેને જોતા કોઈ જ રાહત આપી શકાય નહીં. તમારે પરિસર પણ ખાલી કરવું પડશે અને બાકીનું ભાડું પણ ચૂકવવું પડશે.

હકીકતમાં ભાડુઆતે છેલ્લા ત્રણ વર્ષથી ભાડાની રકમ આપી ન હતી. આ ઉપરાંત તે દુકાન પણ ખાલી કરી રહ્યો ન હતો. આખરે દુકાન માલિકે કોર્ટનું શરણ લીધું હતું. નીચલી કોર્ટે ભાડુઆતને બે મહિનામાં દુકાન ખાલી કરીને બાકીનું ભાડું ચૂકવવાનો આદેશ કર્યો હતો. જોકે, ભાડુઆતે કોર્ટનો આદેશ માન્યો ન હતો.

# મહિસાગર જિલ્લા કલેકટરે રસીકરણ કેન્દ્રોની મુલાકાત લીધી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગરજિલ્લામાં કોરોના સંક્રમણમાં વધારો થતાં મુખ્ય મથકલુણાવાડાબસ સ્ટેન્ડ પર આવતા જતાં પ્રવાસીઓ માટે સ્કીનિગ અને જરૂર જણાય તેનામાટે ટેસ્ટિંગ બૂથ શરૂકરવામાં આવ્યું છે.જિલ્લામાં આજથી ૪૫ વર્ષથી વધુ વયના લોકોનું રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટરઆરબીબારડે બસ સ્ટેન્ડટેસ્ટિંગ બૂથ તેમજ લુણાવાડા પંચશીલ હાઈસ્કૂલ,એપીએમસી માર્કેટ લુણાવાડાના રસીકરણકેન્દ્રોની મુલાકાત લઈ કોવિડ ગાઈડલાઈનનું ચુસ્ત પણે અમલ કરાવવા તેમજ કોરોના વેક્સિનેશન માટે નાગરિકોને ખાસ અનુરોધ કર્યો હતો. લુણાવાડા બસસ્ટેન્ડમાં પ્રવેશવાના અન્ય રસ્તાઓ પર પ્રવેશ બંધ કરી માત્ર એક જ ગેટ શરૂ રાખી અવરજવર કરતાં લોકોનું સ્કીનિગ કરવામાં આવી રહ્યું છે. તેનું નિરીક્ષણ કરી જરૂરી સલાહ સુચનો કર્યા હતા.

મહીસાગર જિલ્લામાં ૪૫ થી વધુ વર્ષના ગ્રુપમાં આવતા ૧ લાખ ૬૦ હજાર નાગરિકોના કોરોના રસીકરણના લક્ષ્યાંક સાથે આજથી રસીકરણ અભિયાન વધુ તેજકરવામાં આવ્યું છે. જિલ્લામાં ૨૫૦ વેકિસનેશન સાઈટ પર રસીકરણ કરવામાં આવીરહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધી ૧ લાખ ૨૫ હજાર થી વધુ લોકોએ રસીકરણકરાવ્યુછે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના સંક્રમણને અટકાવવા વેક્સિનેશનની સાથે સાથે માસ્ક, સોશિયલ ડિસ્ટસ્ન્સનું પાલન થાય તે માટેકોવિડ એસઓપીનોકડક અમલ કરવામાં આવી રહ્યો છે.

કલેક્ટરની આ મુલાકાત દરમ્યાન લુણાવાડા પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયા, લુણાવાડા મામલતદાર પટેલ, લુણાવાડા પી.આઈ આર.ડી.ભરવાડ, લુણાવાડા નગરપાલીકા ચીફ ઓફીસર પ્રણવ ચૌધરી તેમજ આર.બી.એસ.કે.ના ડો. દત્તુ રાવલ અને ડો.કોમલ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગરના વરિષ્ઠ પત્રકાર શૈલેષકુમાર સોલંકીએ કોરોના રસી મુકાવી લોકોને રસીકરણ માટે કરી અપીલ



લુણાવાડા, રાજયભરમાં કોરોના વેકસીનેશનનું કામ પુરજોશમાં ચાલી રહ્યુ છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ કોરોના પ્રતિરોધક રસીકરણની કામગીરીને ઝુંબેશ રૂપે ઉપાડવામાં આવી છે. જે અન્વયે વરિષ્ઠ પત્રકાર શૈલેષકુમાર અજીતસિંહ સોલંકીએ લુણાવાડા પંચશીલ હાઈસ્કૂલ વેકસીનેશન બુથ ખાતે જઈ કોરોના વેકસીનનો પ્રથમ ડોઝ લઈ અન્યને પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે શૈલેષકુમાર અજીતસિંહ સોલંકીએ આમ લોકોને સંદેશો પાઠવતા જણાવ્યું હતું કે, કોરોનાની રસી મુકાવવી ખૂબ જ જરૂરી છે, રસીની કોઈ આડઅસર થતી નથી. મે આજે કોરોનાની રસી મુકાવી છે અને સંપૂર્ણ સ્વસ્થ છું, રસીની કોઈ જ આડઅસર નથી. કોરોનાની રસી મુકાવ્યા પછી પણ અમે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ નાગરિકોને કોઈપણ ભય વગર રસી મૂકાવવા અનુરોધ કર્યો હતો.

# મહીસાગર જિલ્લામાં આજે ૩૮ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૪૧૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૭ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૧૦ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૧-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૨૪૧૩ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૧૯૩ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૮ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૪૭૩૫૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૦ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૧૯ દર્દી હોમ આઈસોલેશન, ૮ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૧૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૪૯ દર્દીઓ સ્ટેબલ અને ૧૯ દર્દીઓ ઓકિસજન પર અને ૦૪ વેન્ટીલેટર પર છે.

## મહીસાગર જિલ્લામાં ૪૫ પ્લસ નાગરિકો માટે કોરોના રસીકરણ અભિયાન શરૂ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, વૈશ્વિક મહામારી કોરોનાને એક વર્ષ કરતા વધુ સમય થયો છે. ત્યારે આ મહામારીને પહોંચી વળવા કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા રસીકરણ અભિયાન કાર્યરત કરવામાં આવેલ છે. કોરોના વોરિયર્સ ફ્ન્ટલાઈન વર્કર, ૬૦ પ્લસને કોરોના પ્રતિરોધક રસી આપ્યા બાદ આજે તા. ૧લી એપ્રિલથી સમગ્ર મહીસાગર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને કોરોનાની રસી આપવાની ઝૂંબેશનો પ્રારંભ જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લ વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ થઈ ગયો છે. મહીસાગર જિલ્લાના ૧.૬૦ લોકોને તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટરો, અર્બન હેલ્થ સેન્ટરો ખાતેથી વિનામુલ્યે કોરોના પ્રતિરોધક રસી આપવામાં આવશે. જિલ્લા કલેકટર આર. બી. બારડે ૪૫ વર્ષ ઉપરના તમામ લોકોને રસી મૂકાવી દઈ સુરક્ષા કવચ ગ્રહણ કરી લેવા અનુરોધ કર્યો છે.

કોરોનાની રસી સ્વદેશી છે. ભારતમાં બનેલી છે. આ રસીથી કોઈપણ પ્રકારની આડઅસર નથી. કોઈની ખોટી વાતો કે અફવાઓમાં આવ્યા સિવાય કોરોના રસી મુકાવીને આ મહામારીને રોકવાનો રામબાણ ઈલાજ છે. કોરોના રસી લઈ પોતાને અને પોતાના કુટૂંબને સુરક્ષિત કરવા માટે આ જરૂરી છે. આથી મહીસાગરવાસીઓને આજથી શરૂ થયેલ રસીકરણ અભિયાનમાં સહયોગી થવા મહીસાગર જિલ્લા પંચાયતના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ.બી.શાહે અપીલ કરી છે.

## કડાણાના માલવણ PHCમાં ગામના ૧૫ કોરોના કેસ આવતા માલવણ સ્વયંભુ બંધ

દિવડાકોલોની, કડાણા તાલુકાના માલવણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોરોનાના કુલ ચોવીસ નોંધાતા અને તેમાં માલવણ ગામમાં જ ખાલી કોરોનાના ૧૫ કેસો નોંધાતા તંત્ર હરકતમાં આવ્યુ છે.

ગામ આગેવાનો અને વેપારીઓની સંયુકત બેઠક મામલતદાર તાલુકા વિકાસ અધિકારી અને પોલીસ ઈન્સ્પેકટર કડાણાને મેડિકલ ઓફિસર, માલવણ પ્રા.આરોગ્ય કેન્દ્રની હાજરીમાં મળી હતી. જેમાં ૩૧મી થી ૩જી એપ્રિલ સુધી માલવણ ગામે ધંધા રોજગાર બંધ રાખી કોરોનાને ફેલાતો અટકાવવા સહકાર આપવા નકકી કર્યુ હતુ. સંતરામપુર નગરપાલિકા વિસ્તારની એક શાળામાં પણ ચાર શિક્ષક અને એક શિક્ષિકા પણ કોરોના ગ્રસ્ત થયા છે.

# મહિસાગર જિલ્લા ન્યાયાલયના નવીન સંકુલનું ૩ એપ્રીલે વર્ચ્યુઅલ ઉદ્દઘાટન



લુણાવાડા, મહીસાગર જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ તા. ૨ જી એપ્રિલ-૨૦૧૭ માં મહીસાગર જયુડિશિયલ ડીસ્ટ્રીક્ટ તરીકે લુણાવાડા ખાતે જીલ્લા ન્યાયાલય કાર્યરત થયેલ. ત્યારબાદ નાગરિકોને ઘરઆંગણે ન્યાય મળી રહે તે માટે સરકાર દ્વારા જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે વરધરી રોડ ઉપર અત્યાધુનિક સુવિધાયુક્ત નવીન જિલ્લા ન્યાયાલય સંકુલ નું નિર્માણ કરવામાં આવ્યું છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે વર્તમાન સ્થિતિ અને સમય મુજબ સુવિધાપૂર્ણ ચાર માળમાં જુદી જુદી અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવેલ જિલ્લા ન્યાયાલય સંકુલનું આગામી ૩જી એપ્રીલ, ૨૦૨૧ ના રોજ સવારના કલાક ૯.૦૦ કલાકે નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અને મહિસાગર જિલ્લાના વહીવટી જજ ડો. જસ્ટીસ અશોકકુમાર સી. જોષીના વરદ હસ્તે જિલ્લા ન્યાયાલયના નવીન સંકુલનું વર્ચ્યુઅલ ઉદઘાટન થશે.

ત્યારબાદ લુણાવાડા ખાતેની તમામ અદાલતો નવીન જિલ્લા ન્યાયાલય સંકુલમાં કાર્યરત થઈ જશે. મહિસાગર જિલ્લાની જનતાને વિશાળ અને તમામ અદ્યતન સુવિધાઓથી સજજ નવીન જિલ્લા ન્યાયાલય સંકુલનો લાભ મળવા જઈ રહયો છે. ત્યારે ન્યાયાલય સંલગ્ન તમામ વકીલઓ, પક્ષકારો તથા લાગતા-વળગતા તમામ વ્યકિતઓએ તા.૦૩/૦૪/૨૦૨૧ થી અદાલતને લગતા તમામ કામકાજ માટે જિલ્લા ન્યાયાલયના નવીન સંકુલમાં જ હાજર થવાનું રહેશે તેમ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ એચ.એ.દવેએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજનું પંચાંગ


વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૨-૦૪-૨૦૨૧, શુક્રવાર, ફાગણ વદ-પાંચમ/છઠ્ઠ, સૂર્યોદય-૬-૧૦, સૂર્યાસ્ત-૬-૩૯, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# આસામને ફરી ઠગવા નીકળી છે કોંગ્રેસઃ મોદીના આકરા પ્રહારો



ગુવાહાટી, પીએમ મોદીએ કોકરાઝારમાં એક જનસભાને સંબોધિત કરી હતી. પીએમ મોદીએ કહ્યુ કે, આખુ ભારત જાણે છે કે અહીના નવયુવાનમાં ફૂટબોલ ઘણુ ફેમસ છે, તેમની ભાષામાં કહું તો કોંગ્રેસ અને તેમના મહાજૂઠને ફરી રેડ કાર્ડ બતાવવામાં આવ્યુ છે. આસામના વિકાસ માટે આસામના લોકોનો વિશ્વાસ એનડીએ પર છે. આસામમાં શાંતિ અને સુરક્ષા માટે આસામના લોકોનો વિશ્વાસ એનડીએ પર છે. આસામની સંસ્કૃતિને નષ્ટ કરવાનું સ્વપ્ન જોઈ રહેલા મહાજૂઠ બોખલાઈ રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યુ કે, આ ચૂંટણી મહાજોતનું મહાજૂઠ અને ડબલ એન્જિનના મહાવિકાસ વચ્ચે છે. કોંગ્રેસે અમારા સુત્ર, અમારા નામધરોનો ગેરકાયદેસર કબજો ગિરોહના હવાલે કર્યો, એનડીએએ તેમને મુક્ત કર્યા. કોંગ્રેસે બરાક, બ્રહ્મપુત્ર, પહાડ, મેદાન- બધાને ભડકાવ્યા, એનડીએએ તેમને વિકાસના સેતુથી જોડ્યા છે. કોંગ્રેસે ટી ગાર્ડનમાં કામ કરનારા સાથીઓને ક્યારેય પૂછ્યુ પણ નથી. આ એનડીએની સરકાર જ છે જેમણે ટી ગાર્ડન્સમાં કામ કરનારા મજૂર ભાઈ-બહેનોની દરેક ચિંતાના સમાધાનનો પ્રયાસ કર્યો છે.

એવી કોઈ જનજાતિ નથી જેને કોંગ્રેસે વિશ્વાસઘાત ના કર્યો હોય. બીજી તરફ એનડીએ સરકાર, કોચ, રાજબોન્શી, મોરાન, મોટોક, સૂતિયા તમામ જનજાતિયોના હિતમાં પગલા ભરી રહી છે, તેની માટે નવી ડેવલપમેન્ટ કાઉન્સિલ બનાવવાનુ કામ ઝડપથી ચાલી રહ્યુ છે. પીએમ મોદીએ કહ્યુ કે, મને સંતોષ છે કે ૨૦૧૬માં બીટીઆરમાં શાંતિ અને વિકાસનો જે દાવો અમે કર્યો હતો, તેને લઈને અમે ઘણા ઈમાનદાર પ્રયાસ કર્યા છે. કોંગ્રેસના લાંબા શાસને આસામને બોમ્બ, બંદૂક અને બ્લૉકેડમાં ઝોકી દીધી હતી.

એનડીએએ આસામને શાંતિ અને સમ્માનની ભેટ આપી છે. પીએમ મોદીએ કહ્યુ કે, આ અટલજીની એનડીએ સરકાર હતી જેને બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલનો અધિકાર તમને આપ્યો. આ એનડીએની વર્તમાન કેન્દ્ર સરકાર છે, જેને સ્થાઈ શાંતિ માટે ઐતિહાસિક બોડો અકૉર્ડ પર મોહર લગાવી. આજે બીટીઆરનો વિસ્તાર પણ થયો છે અને વિકાસની નવી શરૂઆત પણ થઈ છે. બોડોલેન્ડના સ્થાયી વિકાસ માટે અમારો મંત્ર છે- પીસ, પ્રોગ્રેસ અને પ્રોટેક્શન એટલે શાંતિ, સમૃદ્ધિ અને સુરક્ષા. લાંબા સમય બાદ આસામમાં શાંતિ પરત ફરી છે. જે સાથી બંદૂક છોડીને પરત ફર્યા છે, તેમની દરેક શક્ય સહાયતા માટે એનડીએ સરકાર પ્રતિબદ્ધ છે.

હજુ પણ જે પણ સાથી પરત નથી ફર્યા, તેમને પણ મારો આગ્રહ છે કે શાંતિ અને વિકાસના આ મિશનથી તમે પણ જોડાઈ જાવો. કોંગ્રેસ એક મહાજૂઠ બનીને, એક વખત ફરી કોકરાઝાર સહિત આખા બોડોલેન્ડ ટેરિટોરિયલ રીજનને ઠગવા નીકળી છે. જે દળના નેતાઓએ કોકરાઝારને હિસાની આગમાં ઝોકી હતી, આજે કોંગ્રેસે પોતાનો હાથ અને પોતાનું ભાગ્ય તે લોકોને થમાવી દીધુ છે. કાલે એક વીડિયોમાં આખા આસામે જોયુ છે કે કેવી રીતે આસામની ઓળખ, આસામની બહેનોના શ્રમના પ્રતીક, ગમોસાનુ ખુલ્લેઆમ અપમાન કર્યુછે.

(પાન નં.૧ નું ચાલુ)

## દેશમાં કોરોનાની બુલેટ....

લોકોને અત્યાર સુધીમાં કોરોનાની રસીના ડોઝ આપવામાં આવ્યા છે, આજથી દેશમાં ૪૫ વર્ષથી મોટી ઉંમરના કે જેઓ ગંભીર બીમારીથી નથી પીડાતા તેમને પણ રસી આપવામાં આવશે.

ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોના વાયરસની રસી આપવા માટેનું અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. જેમાં સૌથી પહેલા હેલ્થકેર વર્કર્સ, પછી બીજા તબક્કામાં ૧ માર્ચથી શરુ થયેલા બીજા તબક્કામાં ૬૦ વર્ષથી ઉપરના અને ૪૫ વર્ષથી વધુના તથા ગંભીર બીમારીઓથી પીડિત લોકોને રસી આપવામાં આવી હતી.

દેશમાં કેટલાક ભાગોમાં કોરોનાના કેસમાં ઉછાળો નોંધાયો છે, જે અંગે મંગળવારે કેન્દ્ર સરકાર દ્વારા સ્થિતિને કાબૂમાં લેવા માટે તથા દરેકને કે જેઓ ૪૫ વર્ષથી વધુ ઉંમરના છે તેમના સુધી રસી પહોંચાડવાની વાત કરી છે.


કોરોનાનો પ્રકોપ સૌથી વધુ મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાહેર કરાયેલા આંકડા પ્રમાણે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૫૪૪ નવા કેસ સામે આવ્યા છે અને આટલા સમયમાં ૨૨૭ દર્દીઓના મૃત્યુ થયા છે. સરકારી અધિકારીએ જણાવ્યું કે, ત્રણ દિવસ પહેલા (૨૮ માર્ચે) મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ના ૪૦૪૧૪ નવા કેસ સામે આવ્યા હતા જે અત્યાર સુધીનો એક દિવસનો સર્વાધિક આંકડો છે.

## ભારતમાંથી કપાસ-ખાંડની....

સમિતિએ કહ્યું હતુ કે, પાકિસ્તાન ૩૦ જૂન ૨૦૨૧થી ભારતથી કૉટન આયાત કરશે. પાકિસ્તાન સરકારે ખાનગી ક્ષેત્રને ભારતથી ખાંડ ખરીદવાની પણ મંજૂરી આપી હતી. પાકિસ્તાને વર્ષ ૨૦૧૬માં ભારતથી કૉટન અને અન્ય કૃષિ પ્રોડક્ટ્સની આયાત પર રોક લગાવી દીધી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાનમાં ખાંડની વધતી કિંમતો અને સંકટોથી ઝઝુમી રહેલા કાપડ ઉદ્યોગને બચાવવા માટે પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે ભારતની સાથે વ્યાપારની ફરીથી શરૂઆત કરવાને મંજૂરી આપી હતી. બંને દેશોમાં તણાવપૂર્ણ સંબંધોની વચ્ચે આ પાકિસ્તાનનો ભારતની સાથે સંબંધો સુધારવાની દિશામાં પહેલો મોટો પ્રયાસ માનવામાં આવી રહ્યો હતો. કપાસની ઉણપના કારણે પાકિસ્તાની કાપડ ઉદ્યોગને ભારે સકંટનો સામનો કરવો પડી રહ્યો છે.

# ડો.આંબેડકરની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે ૧૪ એપ્રિલે જાહેર રજા રહેશે



ન્યુ દિલ્હી, કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે ડોક્ટર બાબાસાહેબ આંબેડકરની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે ૧૪ એપ્રિલના રોજ જાહેર રજાની જાહેરાત કરવામાં આવી છે. આજે કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય દ્વારા એક પરિપત્ર બહાર પાડીને કેન્દ્ર સરકારની તમામ કચેરીઓમાં અને અદ્યોગિક એકમોમાં આગામી ૧૪ એપ્રિલના રોજ જાહેર રજાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે ૧૪ એપ્રિલ ૨૦૨૧ને બુધવારના રોજ ડૉ. બી. આર. આંબેડકર ના જન્મદિને દેશભરમાં કેન્દ્ર સરકારની તમામ કચેરીઓ અને ઔદ્યગિક સંસ્થાઓમાં જાહેર રજા રાખવામાં આવશે. નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૨૫ હેઠળ સત્તાઓનો ઉપયોગ કરીને જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે, ગત વર્ષે કેન્દ્ર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે ૧૪ એપ્રિલના રોજ રાષ્ટ્રીય રજા આપવામાં આવશે. ૧૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ બાબાસાહેબની ૧૩૦મી જન્મજયંતિ છે.

## દૈનિક રાશીફળ

તા.૦૨.૦૪.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- વેપાર અર્થે પ્રવાસ લાભદાયી રહે.મહિલાવર્ગને યથાવત.
વૃષભ (બ.વ.ઉ.) :- સત્તાકીય બાબતોમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન મળી રહે છે. માનસિક ચિંતા હળવી બને.
મિથુન (ક.છ.ઘ.) :- જમીન-મકાન-વાહનના યોગ ઉત્તમ, ધાર્મિક યાત્રા પ્રવાસના યોગ. અભ્યાસમાં પ્રગતિ.
કર્ક (ડ.હ.) :- રાજકીયપદ-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક બાબતો યથાવત,મહિલાવર્ગને સંભાળવું.
સિંહ (મ.ટ.) :- રોજગારીની નવી તકો મળી રહે. આર્થિક બાબતો સરળ, મહિલાવર્ગને સંભાળવું.
કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં બઢતી-ચઢતી શકયતા એકંદરે સમય શુભ ફળદાયી રહે. મહિલાવર્ગને સંભાળવું.
તુલા (ર.ત.) :- મધ્યમ દિવસ, સામાજીક કાર્ય આગળ ધપે આર્થિક સામાન્ય ખર્ચાળ, મહિલાવર્ગને અકંદરે લાભકારી દિવસ.
વૃશ્ચિક (ન.ય.) :- કનિષ્ઠ દિવસ, સામાજીક બાબતો દોડધામમય આર્થિક બાબતો ખર્ચાળ, મહિલાવર્ગને કલહ ટાળવો.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- મધ્યમ દિવસ, આર્થિક પાસુ ખર્ચાળ રહેવા છતા સામાજિક બાબતો સુવિધાપ્રદ, મહિલાવર્ગને શાંત દિવસ.
મકર (ખ.જ.) :- વારસાગત મિલકતોના પ્રશ્નો દૂર થાય. માનસિક ચિંતા હળવી બને. સમય શુભ.
કુંભ (ગ.શ.સ.) :- કનિષ્ઠ દિવસ, કોઈ બીન જરૂરી સાહસ ન કરવું સામાજીક બાબતો સગવડપ્રદ, મહિલાવર્ગે મૌન સેવવું.
મીન (દ.ચ.ઝ.) :- નોકરિયાત વર્ગોમાં ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્ય સંભાળવું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દેવગઢબારિયા નગરપાલિકાનું વર્ષ ૨૦૨૧-૨૨ માટે પુરાંતવાળું અંદાજપત્ર મંજૂર


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે. બારીયા નગરપાલિકામાં નવનિયુક્ત પ્રમુખ ડો.ચાર્મી સોનીના અધ્યક્ષસ્થાને પ્રથમ સામાન્ય સભા યોજાઇ હતી. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૩૩,૨૫,૦૦૦નું પુરાંતવાળું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. આગામી નાણાંકીય વર્ષના બજેટમાં વિવિધલક્ષી અને વિકાસલક્ષી પ્રવૃતિઓ અને કામગીરીઓ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી હતી. નગરપાલિકા વિસ્તારમાં કોરોના નિયંત્રણ માટેનો એક્શન પ્લાન પણ ઘડાયો હતો. જો કે સામાન્ય સભામાં ત્રણ કાઉન્સિલરો સૂચક રીતે ગેરહાજર રહેતા ચર્ચાનો વિષય બન્યો હતો.

આજ રોજ દેવગઢબારિયા નગરપાલિકાના સભાખંડમાં બજેટલક્ષી પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. જેમાં પ્રમુખ ડો.ચાર્મી સોનીએ વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. વર્ષ ૨૦૨૧-૨૨ માટેના અંદાજપત્રમાં ૧૯,૪૭,૪૨,૫૦૦ ની અંદાજિત આવક સામે અંદાજિત ખર્ચ ૧૯,૧૪,૧૭,૫૦૦ ની જોગવાઈ કરવામાં આવી હતી. આ રીતે ૩૩,૨૫,૦૦૦ની ચોખ્ખી આવક દર્શાવતું પુરાંતવાળું બજેટ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

આ બજેટમાં નગરપાલિકાના તમામ વોર્ડ વિસ્તારોના રસ્તાઓ, ગટર, દીવાબત્તી, ફૂટપાથ, પાણી, સફાઇ, આરોગ્ય, સ્વચ્છતા સહિતની જન સુખાકારી માટેના વિવિધ વિકાસકામોના માટે ખર્ચની ફાળવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કબ્રસ્તાન અને મોક્ષરથ માટે પણ વિશેષ જોગવાઈ કરવામાં આવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા નગરપાલિકા વિસ્તારમાં કોરોના સંક્રમણ અંગેનો રિવ્યુ અપાયો હતો અને એક્શન પ્લાન ઘડાયો હતો. આ બજેટલક્ષી સામાન્ય સભામાં ઉપપ્રમુખ ગૌરાંગભાઈ પંડયા, ઈકબાલભાઈ પટેલ હનીફભાઈ પીપલોદિયા મહેશભાઈ બાલવાણી, અક્ષયભાઈ જૈન, સજ્જનબા ગોહિલ સહિતના કાઉન્સિલરો, ચીફ ઓફિસર વિજય ઇટાલિયા, તાલુકા હેલ્થ ઓફિસર કલ્પેશ બારીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જયારે કિરણબેન સોલંકી, શબનાબાનું નિશાર મકરાણી અને શબનાબાનું સાજિદ મકરાણી એમ ત્રણ કાઉન્સિલરો મનસ્વી રીતે મહત્વપૂર્ણ બજેટલક્ષી સામાન્ય સભામાં ગેરહાજર રહ્યા હતા.

# દાહોદ જીલ્લાની રાજસ્થાન અને મધ્યપ્રદેશ સરહદો ઉપર અવર-જવર કરતા લોકોના કોરોના ટેસ્ટ કરવાનું શરૂ કરાયું

દાહોદ,
ગુજરાતમાં પ્રવેશવા માટે રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોમાંથી આવતાં જતાં લોકો માટે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ અને તેમાંય નેગેટીવ રિપોર્ટ હશે તો જ ગુજરાતમાં પ્રવેશ આપવામાં આવશે તેવા આદેશ અને નિર્ણયો બાદ ખાસ કરીને દાહોદ જિલ્લા માટે આ નિર્ણય અને આદેશ જાહેર જનતા સરહદી વિસ્તારના લોકો માટે ચિંતાનો વિષય બન્યો છે. કારણ કે દાહોદ જિલ્લાને અડીને બે સરહદી રાજ્યો આવેલા છે. એક તો મધ્ય પ્રદેશ અને બીજો રાજસ્તાન. રાજસ્થાન અને મધ્ય પ્રદેશને જોડતો દાહોદ જિલ્લામાં આ બે રાજ્યોના લોકોની ભારે અવર જવર રહેતી હોય છે અને તેમાંય દાહોદ જિલ્લાનો રોજગાર, ધંધો અને અર્થ વ્યવસ્થા આ બે સરહદી વિસ્તારો પર નભતી હોય છે ત્યારે સરકારના આ નિર્ણયના પગલે પાડોશી રાજ્યોના ગામોના રહેવાસી તેમજ રોજગાર ધંધા માટે રોજેરોજ દાહોદ જિલ્લામાં આવતાં લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોરોના સંક્રમણે સમગ્ર દેશને ભરડામાં લીધો છે અને બીજી ઈનીંગમાં કોરોના સંક્રમણ રેકોર્ડ બ્રેગ ગતી સાથે આગળ પણ વધી રહ્યો છે. ત્યારે સરકાર અને આરોગ્ય તંત્ર દ્વારા પ્રજાલક્ષી અનેક નિર્ણયો પણ લઈ રહી છે. તેમાં ખાસ કરીને ગુજરાત રાજ્યની વાત કરીએ તો ગુજરાતમાં પ્રવેશ માટે હવે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ નેગેટીવ હોવો ફરજીયાત કરી દેવામાં આવ્યો છે. વાત કરીએ દાહોદ જિલ્લાની તો દાહોદ જિલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતો ગુજરાતનો જિલ્લો છે. દાહોદ જિલ્લો આમેય આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે. હોળી બાદ લગ્નસરાની સીઝન, વેપાર ધંધાની સીઝન સહિત હાલ કોરોના સંક્રમણના માહોલ વચ્ચે દર્દીઓનો પણ દાહોદમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાત સરકારના આ નિર્ણયને પગલે દાહોદ જિલ્લાવાસીઓ અને સરહદી વિસ્તારના લોકો માટે ચિંતાનો વિષય બન્યો છે. તેમાંય દાહોદ જિલ્લાને અડીને આવેલ મધ્યપ્રદેશ સરહદ પર ઝાબુઆ જિલ્લો આવેલ છે. ઝાબુઆ જિલ્લાના લોકોની સતત દાહોદમાં અવર જવર કોઈને કોઈ કારણોસર રહે છે. તે પછી રોજગાર, ધંધો હોય કે, દવાખાના, હોસ્પિટલના આંટા ફેરા હોય. મધ્યપ્રદેશ તરફથી ખાસ કરીને દર્દીઓને ગુજરાત તરફ સારવાર માટે લાવવામાં આવે છે. ગુજરાત સરકારના આ આર.ટી.પી.સી.આર.ટેસ્ટ ફરજીયાતના નિર્ણયને પગલે મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના લોકો ચિંતામાં મુકાયા છે કારણ કે, જાણવા મળ્યા અનુસાર, ઝાબુઆ જિલ્લામાં રેપિટ ટેસ્ટના રિપોર્ટ તો ચોવીસ કલાકની અંદર મળી જાય છે. પરંતુ આર.ટી.પી.સી.આર.ના ટેસ્ટના સેમ્પલો ઈન્દૌર મોકલવામાં આવતાં હોય છે અને ત્યાંથી તેના રિપોર્ટો આવતાં ચાર થી પાંચ દિવસ જેટલો સમય લાગતો હોય છે. ત્યારે આવા સમયે કોઈ ઈમરજન્સી કામકાજ હોય તો તેમાં અટવાઈ જવાની પણ ઝાબુઆ જિલ્લાવાસીઓને ડર સતાવી રહ્યો છે. ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લામાંથી પણ રોજેરોજ ઘણા લોકો ઝાબુઆ જિલ્લામાં કોઈને કોઈક કામકાજ અર્થે કે, ધંધારોજગાર માટે જતાં આવતાં હોય છે. ત્યારે દાહોદ જિલ્લાવાસીઓમાં પણ અનેક પ્રશ્નો ઉદ્ભવી રહ્યાં છે. ખાસ કરીને હાલ હોળી પત્યા બાદ લગ્નસરાની સીઝન હોળી દાહોદ જિલ્લામાં આસપાસના રાજ્યોના લોકોના ખરીદી કરવા માટે પણ ભારે ભીડ ઉમટી પડે છે. દાહોદ જિલ્લામાંથી તો ગ્રામીણ વિસ્તારના લોકો અન્ય જિલ્લામાં મજુરી કામ અર્થે જતાં રહે છે. ત્યારે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો પર પણ દાહોદ જિલ્લાનો વેપાર, ધંધો નિર્ભર કરતો હોય છે. ત્યારે આવા સમયે દાહોદ જિલ્લાના વેપાર, ધંધા પર પણ માઠી અસર પડી શકે તેવા એંધાણો પણ વર્તાઈ રહ્યાં છે.

# ઝાલોદના અલીફ નગરમાં રોડના કામમાં ભ્રષ્ટાચાર આચર્યાનો આક્ષેપ

ઝાલોદ,
ઝાલોદ શહેરમાં આવેલી અલીપ નગરમાં ભૂગર્ભ સહિતની કામગીરી માટે ખોદાયેલા રોડના પુરણ કામ માટે પાલિકા તંત્ર દ્વારા ઉદાસીનતા દાખવતા આ વિસ્તારના રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવા મજબૂર બન્યા છે. જોકે આ મામલે સોસાયટીના રહીશ મોરાવાલા સલીમભાઈએ આ મામલે ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી જણાવાયું કે ઝાલોદમાં આવેલ અલીપ નગર સોસાયટીનો રોડ તારીખ ૧૨.૮.૨૦૨૦ ના રોજ નવો રોડ ભરાયો હતો. અને સી.સી.રોડ થયો હતો જે રોડ હાલમાં ૨૦ દિવસથી નગરપાલિકાના સભ્યો દ્વારા રોડ તોડી નાખેલ છે.રોડ ઉપર અમારાથી આવવા-જવા માટે બહુ તકલીફ પડતી હોય છે.ત્યારે અરજીમાં એવું પણ ઉલ્લેખ કરાયો કે ઝાલોદ નગરપાલિકા પાસે એવાં ક્યાં કાયદા છે કે પાંચથીં છ માસમાં રોડ તોડી નાખે છે. તેવા આક્ષેપો પાલિકા તંત્ર સામે અરજદાર દ્વારા કરાયા હતા. જોકે આ મામલે પાલિકા પ્રમુખે બે દિવસમાં રોડના પુરણ કામ કરાવી આપવાનું આપ્યું હોવાનું જાણવા મળેલ છે.

ઝાલોદ પાલિકાના કાઉન્સિલરે રોડ બનાવવાના કામોમાં ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો કર્યા આક્ષેપોઃડામર રોડ તદ્દન હલકી કક્ષાનું બનાવી વેઠ ઉતારી હોવાનું વિડિઓ વાયરલ કર્યો.

ઝાલોદના કાઉન્સિલર જાકીરભાઇ કાનુકા દ્વારા નગરપાલિકામાં ભ્રષ્ટાચાર થયો હોય તેવું પણ જણાવી રહ્યા છે. ત્યારે તેઓ દ્વારા જણાવાયું કે સાત લાખને બાર હજારમાં રિફ્રેશિંગ માટે મંજુર કરવામાં આવેલ ચુડીપી ૭૮માં આ રોડને મંજુર કરવામાં આવેલ હતો.ત્યારે આ રોડ બિલકુલ તકલાદી અને ચીલાચાલુ મટીરીયલ નાખવામાં આવ્યો હોય અને આ રોડના કામમાં પણ ભ્રષ્ટાચાર થયો હોય તેઓ પણ ચર્ચાઈ રહ્યું છે. તેવા ઝાલોદ નગરપાલિકાના કાઉન્સિલર દ્વારા જ આવું નિવેદન મળતા નગરપાલિકામાં ક્યાંક ને ક્યાંક ભ્રષ્ટાચાર થતો હોય તેવું પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે આ બાબતની ઉચ્ચકક્ષાએ તપાસ થાય તે જનહિતમાં અનિવાર્ય છે. ત્યારે આ બાબતને વારંવાર લેખિતમાં જાણ કરવા છતાં પણ નગરપાલિકાના સભ્યો તેમજ નગરપાલિકા તંત્ર દ્વારા કેમ પગલા લેવામાં નથી. તેવો છૂપો ગણગણાટ સાંભળવા મળી રહ્યો છે.

# દાહોદ તાલુકા આરોગ્ય તંત્ર સંયુક્ત ઉપક્રમે જન જાગૃતિ માટે રેલીનું આયોજન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ તા.૩૧/૦૩/૨૧ ના રોજ દાહોદ તાલુકા આરોગ્ય તંત્ર, નવજીવન સાયન્સ કોલેજના એન.એસ.એસ તથા નેહરૂયુવા કેન્દ્ર ના સંયુક્ત ઉપક્રમે જન જાગૃતિ માટે તાલુકા આરોગ્ય કચેરીથી બસ સ્ટેશન અને પડાવ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું. શહેર સહિત જિલ્લામાં દિવસે ને દિવસે કોરોનાંનો સંક્રમણ વધી રહ્યું છે. દિવસે ને દીવસે કોરોનાના કેસો વધે છે. જે માટે લોકોમાં અવેરનેસ લાવવા દાહોદ નવજીવન સાયન્સ કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ આગણ આવ્યાં છે અને રેલી દ્વારા લોકોને કોરોના વિશેની માહિતી આપવામાં આવી અને તમામ નગરજનોને માસ્ક નો ઉપયોગ, ભીડ ના કરવા, હાથની સફાઇ તથા ૪૫ વર્ષ થી ઊરના તમામ નાગરીકોને રસીકરણનો લાભ લેવા અપીલ કરાઈ. રેલીમાં NSS અને NYKS ના યુવાનો સાથે જીલ્લા આરોગ્ય વિભાગ અને જીલ્લા પોલીસ જવાનો પણ જોડાયા હતા.રેલીનું સમાપન કરી દાહોદ બસ સ્ટેન્ડ અને પડાવ ખાતે એન.એસ.એસ ના વિદ્યાથીઓ એ આવતા જતા મુસાફરો તેમજ નગરજનોને આયુવેર્દિક ઉકળાનું વિતરણ કરવામાં આવ્યું જેમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓના આ કાર્ય ને લોકોએ બિરદાવ્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસ ડો.શ્રેયસ પટેલ, નહેરૂયુવા કેન્દ્ર ના અધિકારી અજિત જૈન, જીલ્લા આરોગ્ય તંત્ર માંથી ડો.રાકેશ વહોનીયા, ડો.ભગીરથ ભામણીયા અને ડો. કેવલ પંડયા પણ હાજર રહ્યા હતાં. તમામ કાર્યક્રમનું આયોજન દાહોદ જીલ્લા માન.કલેક્ટર સાહેબ ની સુચના પ્રમાણે કરવામાં આવ્યું હતું.

# મધ્યપ્રદેશથી ભૂલી પડેલી માનસિક અસ્વસ્થ મહિલાને ઘરે પહોંચતી કરતી મહિલા અભયમ ટીમ દાહોદ

દાહોદ,
હેલ્લો મહિલા અભયમ હેલ્પલાઈન. અહીં એક મહિલા લોકોને પથ્થર મારે છે, ઘરમાં ઘૂસી જાય છે. દાહોદના ગરબાડાના એક અંતરિયાળ ગામમાંથી આવો ફોન આવ્યો અને મહિલા અભયમની ટીમ તુરત જ સ્થળ પર પહોંચી. માનસિક રીતે અસ્વસ્થ મહિલા ખેતરમાં આળોટી રહી હતી અને તેના એક હાથમાં પથ્થર હતો. પરિસ્થિતિની ગંભીરતા જોતા મહિલા અભયમ ટીમે ખૂબ કૂનેહથી કામ લેવાનું હતું. કારણ કે આ મહિલા પોતાને પણ કંઈ કરી બેસે એવી મનોદશામાં હતી.

મહિલા અભયમ ટીમે આ સ્થિતિમાં ખૂબ જ શાંતિ અને પ્રેમથી કામ લીધું. ધીરે ધીરે એ મહિલા પાસે પહોંચીને તેનો પથ્થર ફેકાવ્યો. ઘણાં દિવસથી મહિલા ભૂખી હોય તેને જમાડી અને ધીરે ધીરે વાતચીતમાં તેના ઠામઠેકાણાં વિશે માહિતી મેળવવા પ્રયાસ કર્યો. મહિલાના ભાષાના લહેકા પરથી તે મધ્યપ્રદેશની જણાઇ. વધુ વાતચીતમાં કેટલાંક મધ્યપ્રદેશના ગામનો ઉલ્લેખ થતાં મહિલા અભયમ ટીમ દાહોદ પોલીસને સાથ લઇ મધ્યપ્રદેશ ઉપડી. થોડીક વધુ માહિતી મળતાં જે ગામનો મહિલા ઉલ્લેખ કરતી હતી. ત્યાંની પોલીસ અને સરપંચની મદદથી મહિલાના પરિવારજનો સુધી પહોંચી શકાયું.

આ મહિલાના પુત્રએ જણાવ્યું કે, તેની મમ્મી છેલ્લા પાંચેક વર્ષથી માનસિક અસ્વસ્થ હતી અને ઘણાં સમયથી તેમને શોધી રહ્યાં હતા. આમ, દાહોદની મહિલા અભયમ ટીમે એક પુત્ર સાથે માનો મેળાપ કરી આપવાની પ્રશંસનીય કામગીરી કરી હતી.

# દે.બારીયા શહેરમાં બાઈક ચોરોને પકડીને વહેલી પરોઢે પોલીસને હવાલે કરતાં નગરવાસીઓ



દે.બારીયા,
દે.બારીયા શહેરમાં એક સપ્તાહ થી બાઈક ચોરો ત્રાટકે છે. પરંતુ તેમને પોલીસનો કોઈ ડર નથી અને પોલીસ પણ તેમને પકડવા માટે અથવા બાઈકોના શોધખોળ કરવા કોઈ તજવીજ હાથ ધરતી નથી. તા.૩૧/૦૩/૨૦૨૧ બુધવારે રાત્રીમાં ભે દરવાજા નિચવાસ ફળીયામાં ત્રણ જેટલા હરામખોરો બાઈકની ઉઠાંતરી કરવા માટે આવ્યા તે અંગે સ્થાનિકોને જાણ થઈ અને ત્રણ બાઈક ચોરો માંથી એક બાઈક ચોરને ઝડપી વહેલી પરોઢે શહેર પોલીસ ચોકીના કોન્સ્ટેબલ પલાસને સુપ્રત કર્યો હતો. બે બાઈક ચોરો નાશી જવામાં સફળ થયા છે. શહેરના નિચવાસ ફળીયામાં બાઈકો ઉઠાંતરી કરવાના બાઈક ચોરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. જ્યારે જે કાર્ય પોલીસને કરવાનું હોય તે કાર્ય આમ પબ્લીકે કરી બતાવ્યું છે. આ હપ્તા ખોરી પોલીસ પાસે શું ? અપેક્ષા રાખવી તેવું આમ પબ્લીકમાં ચર્ચાઈ રહ્યું છે. પકડી પાડેલ બાઈક ચોર પાસેથી આગલી ચોરેલી ત્રણ માંથી બે બાઈકો કોણ કોણ અને કેટલી ટોળકી આ બાઈક ચોરીમાં સામેલ છે. તેનો તાગ મળી શકશે ખરો ? તે યક્ષ પ્રશ્ન છે. દાહોદ જીલ્લા પોલીસ કર્મીઓને જડમૂળ થી ફેરબદલી કરવાની તાતી જરૂર છે. નહિં તો આવતા દિવસોમાં ધોળા દિવસે લુંટ થશે તો નવાઈ નહિં તેવું આમ જનતામાં ચર્ચાનો વિષય છે. હવે એ જોવાનું રહ્યું કે, કેટલાની બદલીઓ થાય છે કે નહિં.

# દે.બારીયા સબજેલમાં ૧૬ કેદીઓને કોવિડના-૧૯ના લક્ષણો જણાતા ખળભળાટ



દે.બારીયા,
દે.બારીયા સબજેલમાં અલગ પ્રકારના કેદીઓને લઈને સબજેલ ખાતે રાખવામાં આવતાં હોય છે. આ સબ જેલ માંથી અગાઉ કેદીઓ નાસવામાં પણ સફળ થયા છે. તે કેવી રીતે તે રહસ્ય હજુ પણ અકબંધ છે. દે.બારીયા સબજેલ અગ્રેજ કે જમાનાની જેલ છે. તેને ઓળંગવી સહજ નથી.

મળતી માહિતી અનુસાર તા.૩૧/૦૩/૨૦૨૧ને બુધવારના રોજ સાંજે દે.બારીયાની સબજેલમાં અવરજવર જોવા મળી હતી. ત્યારે એક માહિતી મળતા સબજેલના કેદીઓ ૧૬ જેટલાને કોરોના લક્ષણો જણાયા છે. ખળભળાટ મચી જવા પામ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, આ સબજેલ કેદીઓ માટે વીઆઈપી સુવિધા પુરી પાડતી સબજેલ પુરવાર થાય છે. કેદીઓના સગાસંબંધીઓ મુલાકાત માટે તેમજ ટીફીન ઘરનું જેલમાં મોકલવા માટે લેવડદેવડ કરીને અંદર જાય છે. જ્યારે જેલના મકાઈના રોટલા અને શાક બહાર ભુંડો ખાતા નજરે પડે છે. આ જેલર તથા જેલ કર્મીઓના મેળાપીપણા થી થઈ રહ્યું છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

# ઝાલોદ સબજેલમાં સજા કાપતા કાચા કામના કેદીએ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર

ઝાલોદ,
ઝાલોદમાં આવેલી સબ જેલમાં છેલ્લા સાતેક માસથી રહેલા કાચા કામના આરોપીએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

ઝાલોદ શહેરમાં છ-સાત માસ અગાઉ લુંટના ઈરાદે આવેલ લુંટારૂઓ ભાગવાની કોશિશ કરતા એક સંતાઈ ગયેલ નામે ઉમેશ ઉર્ફે કાળુ મોહન પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. તેવામાં ઝાલોદ પોલીસે તેને જેલના હવાલે કર્યો હતો. આ આરોપી ઉમેશ કટારાની કોર્ટમાં મુદ્દત હતી. પરંતુ આરોપીએ ફાંસો ખાઈ લેતા સન્નાટો મચી જવા પામ્યો હતો. ઝાલોદ સબ જેલના જેલર પાસેથી માહિતી મળ્યા મુજબ તે કેદીએ સવારના સાડા ત્રણેક વાગ્યાની આસપાસ ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનુ જોતા તેને તાત્કાલિક ૧૦૮ મારફતે ઝાલોદ સરકારી હોસ્પિટલમાં લવાતા કેદીને હાજર તબીબે મૃત જાહેર કર્યો હતો. બાદમાં મૃતક કેદીના દેહને પોસ્ટમોર્ટમ માટે દાહોદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હોવાનુ જાણવા મળેલ છે.

# લીમખેડાના મોટામાળ ગામે તળાવમાં બે યુવતિ તળાવમાં ડુબતાં એક યુવતિનું મોત

દાહોદ,
લીમખેડા તાલુકાના મોટામાળ ગામે તળાવમાં કપડાં ધોવા ગયેલી ચાર યુવતીઓ પૈકી બે યુવતીના પગ લપસી ગઈ હતી. જયારે તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા એક ૧૩ વર્ષીય યુવતીનો ઉંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે.જયારે બીજી યુવતીને ગ્રામજનોની મદદથી હેમખેમ બહાર કાઢી વધુ સારવાર અર્થે દાહોદ ખસેડયા હોવાની પ્રાથમિક જાણકારીઓ પ્રાપ્ત થઇ છે.

વધુ મળતી માહિતી મુજબ લીમખેડા તાલુકાના મોટા માળ ગામે આવેલા તળાવ પર આજરોજ બપોરના અરસામાં ચાર યુવતીઓ કપડાં ધોવા ગઈ હતી.તે સમયે ૧૩ વર્ષીય યુવતીનું એકાએક પગ લપસતા તે ઉંડા પાણીમાં ગરકાવ થઈ હતી.ત્યારે તે યુવતીને બચાવવાં પડેલી યુવતી પણ તળાવના ઉંડા પાણીમાં પહોંચી હતી. તે સમયે અન્ય બે ગભરાયેલી યુવતીઓએ ગ્રામજનોને જાણ કરતા તાબડતોડ દોડી આવેલા ગ્રામજનોએ બન્ને યુવતીઓને પાણીમાંથી બહાર કાઢતા ૧૩ વર્ષીય યુવતી મરણ પામેલ હતી. હતી જયારે બીજી યુવતીની હાલત ગંભીર જણાતા તેણીને વધુ સારવાર અર્થે દાહોદ ખસેડવામાં આવી હતી.

# ઝાલોદના રૂખડી ગામે પુરઝડપે બાઈક હંકારી ટેમ્પાને અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતાં મોત

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના રૂખડી ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ જતાં એક ડી.જે.ભરેલ ટેમ્પાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મોટરસાઈકલ ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું મોત નીપજ્યાનું જ્યારે પાછળ બેઠેલ એકને પગના ભાગે ઈજાઓ પહોંચ્યાનું જાણવા મળે છે.

સંજેલી તાલુકાના કરંબા ગામે છાયણ ફળિયામાં રહેતા અમિતભાઈ ભગલાભાઈ ભગોરા (ઉ.વ.૨૮) અને તેમની સાથે સંદિપભાઈ એમ બંન્ને જણા ગત તા.૩૧મી માર્ચના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ રૂખડી ગામેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે અમિતભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ જતો એક ડી.જે.ભરેલ ટેમ્પાને પાછળથી મોટરસાઈકલ ધડાકાભેર ભટકાવતાં અમિતભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલ સંદિપભાઈને પગના ભાગે ફ્રેક્ચર થયું હતું. આ સંબંધે કરંબા ગામે છાયણ ફળિયામાં રહેતા મનુભાઈ જોતીભાઈ ભગોરાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઝાલોદ તાલુકામાં બે સ્થળો એ મોબાઈલ ફોન ચોરી થતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાંથી બે જુદી જુદી જગ્યાએથી બે વ્યક્તિઓના મોબાઈલ ફોન ચોરી થઈ જતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. મોબાઈલ ચોરીનો પ્રથમ બનાવ લીમડી નગરમાં સુભાષ સર્કલ પાસે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૮મી જાન્યુઆરીના રોજ ઝાલોદના બાજરવાડા ગામે માળ ફળિયામાં રહેતાં નીરમાબેન હકરાભાઈ ભાભોરનો ઉપરોક્ત સ્થળ પરથી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ નીરમાબેનની નજર ચુક્વી શાકભાજી લેતી વેળાએ મોબાઈલ ફોન ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નીરમાબેને લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. બીજો બનાવ ઝાલોદ તાલુકાના મુવાડા ગામે જલારામ સોસાયટી ખાતે બનવા પામ્યો હતો. જેમાં આજ સોસાયટીમાં રહેતા હિમાંશુકુમાર ધનજીભાઈ ડાંગીનો મોબાઈલ ફોન પણ તેમના જ વિસ્તારમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે હિમાંશુકુમાર ધનજીભાઈ ડાંગીએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદના કતવારા ગામે સામાન્ય બાબતે ચાર ઈસમોએ ધીંગાણું મચાવતા બે વ્યકિતને ઈજાઓ

દાહોદ,
દાહોદ તાલુકાના કતવારા ગામે ચાર જેટલા ઈસમોએ સામાન્ય બાબતે ઝઘડો તકરાર કરી બે જણાને પથ્થરો, ઈંટો અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે, પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. દાહોદ તાલુકાના ખંગેલા ગામે રહેતાં વિજયભાઈ તથા રમેશભાઈ વિગેરે કતવારા બજારમાં પેટ્રોલ પંપની સામે શાકભાજી લેતાં હતા. તે સમયે ત્યાં ખંગેલા ગામે વાંદરીયા ફળિયામાં રહેતાં ગોરચંદભાઈ રામાભાઈ મેડા, રાજુભાઈ સોબાનભાઈ મેડા, રામાભાઈ ગવાભાઈ મેડા અને રમેશભાઈ ગવાભાઈ મેડાનાઓ ત્યાં આવી વિજયભાઈ અને રમેશભાઈને બેફામ ગાળો બોલવા લાગ્યાં હતાં અને કહેલ કે, તમો કેવા આગેવાન થઈ ગયા છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ વિજયભાઈ અને રમેશભાઈને છુટ્ટા પથ્થરો વડે, ઈંટો વડે ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, છાતીના ભાગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડતાં આ સંબંધે ગોરધનભાઈ રમેશભાઈ મેડાએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગરબાડાના પાટિયા ગામે બાઈક પર પસાર થતાં બે વ્યકિતઓને કેટલાંક ઈસમોએ રોકી ૪૧ હજારની લુંટ ચલાવતા ફરિયાદ

દાહોદ,
ગરબાડા તાલુકાના પાટિયા ગામે હોળી ફળિયામાં રહેતા મુકેશ માનસિંગ ખપેડ તથા તેમની સાથે કેટલાંક વ્યકિતઓ તા.૨૯મી માર્ચના રોજ રાત્રિના સાડા નવેક વાગ્યાના અરસામાં ચંદલા ગામેથી મોટરસાયકલ પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન દિનેશ મંગાભાઈ ભુરિયા, વિનોદ પ્રતાપભાઈ ભુરિયા, વિપુલ મહેશભાઈ ભુરિયા(ત્રણેય રહે.નવા નગર)સતીષ ભારતસિંહ પરમાર(રહે.સીમળીયા બુઝુર્ગ)તથા તેની સાથે બીજા બે માણસો અને રાજેશ કાનજીભાઈ મિનામા(રહે.રીંગોલ, મધ્યપ્રદેશ)આ તમામે રસ્તો બંધ કરી દીધો હતો અને ત્યાંથી પસાર થઈ રહેલ મુકેશભાઈ વગેરેને રોકી લાકડી તથા ગડદાપાટુનો માર મારી તેઓની પાસેથી મોટરસાયકલ, મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા મળી કુલ રૂ.૪૧,૦૦૦નો મુદ્દામાલની લુંટ કરી ભયનો માહોલ પેદા કરતા રાત્રિના સમયે આ વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ સંબંધે લુંટનો ભોગ બનેલ મુકેશભાઈ માનસિંગભાઈ ખપેડે ઉપરોક્ત ઈસમો વિરુદ્ધ ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી અટકાયતી પગલા હાથ ધર્યા છે.

# ફતેપુરામાં સિંચાઈનુ પાણી પુરૂ પાડવા માંગ

ફતેપુરા,
ફતેપુરા તાલુકાની મોટીરેલ જિલ્લા પંચાયત સીટ પરથી ચુંટાઈ આવેલા મહિલા સભ્ય ભારતીબેન મહેન્દ્રભાઈ પારગીએ ઝાલોદથી વાયા ગરાડુ માધવા થઈ ફતેપુરાથી રાજસ્થાનને જોડતી પાટવેલ બોર્ડર સુધીનો ડબલટ્રેક રસ્તો બનાવવા તેમજ તાલુકાની તમામ બોર્ડરોના રોડ ડબલટ્રેક કરી સુવિધા આપવા તેમજ ફતેગઢી તળાવને રિપેર કરી પુર્વ પટ્ટીના બધા જ તળાવોમાં પાણી ભરી સિંચાઈનુ પાણી આપવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પાણી પુરવઠા મંત્રી વગેરે અધિકારીઓ સમક્ષ માંગ કરી છે.

# કોઇ પણ જાતનો ડર રાખ્યાં વિના કોરોના વેક્સિન લેવાનું જણાવતા પિન્કલ શાહ

દાહોદ,
રાજય સરકાર દ્વારા તબક્કાવાર કરવામાં આવી રહેલા રસીકરણ ઝુંબેશમાં નાગરિકોનો સહકાર અને જાગૃતિ આવશ્યક છે. દાહોદમાં આગામી તા. ૧ એપ્રીલથી ૪૫ કે તેથી વધુ વયના તમામ વ્યક્તિઓ પણ વેક્સિન લઈ શકશે ત્યારે આ વયજુથમાં આવતા તમામ નાગરિકો સત્વરે વેક્સિન લઈ લે અને સરકારના રસીકરણ ઝુંબેશનો ભાગ બને. કોરોનાની રસી લઈને આપણે પોતાને અને પરિવારના સભ્યોને આ મહામારીથી બચાવી શકીએ છીએ. વેક્સિનના બંને ડોઝ નિયત સમયે લેવા પણ એટલાં જ આવશ્યક છે. કોરોનાની વેક્સિનના બંને ડોઝ લેનારા કોરોના વોરિયર્સનો અનુભવ આજે જાણીશું. જિલ્લા પંચાયતમાં નેશનલ હેલ્થ મિશન ખાતે ડિસ્ટ્રીક્ટ ફાઈનાન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતાં પિન્કલ શાહએ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે પોતાના અનુભવ વિશે જણાવતા તેઓ કહે છે કે, મેં કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 186

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા સફાઈના નામે અનેક પાસ થતી ગ્રાન્ટો બારોબાર સગેવગે કરાતાં જીલ્લા કલેક્ટરને આવેદન



તસ્વીર : નુર બાલા, વેજલપુર



તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

વેજલપુર, કાલોલ તાલુકાની સૌથી મોટી ગ્રામ પંચાયત વેજલપુર ગણાય છે અને અગાઉના સમયમાં વેજલપુર ગામમાં વેપાર ધંધાની દ્રષ્ટિએ નામના પણ ધરાવતું હતું. તેમ છતાં વેજલપુર ગામ વિકાસથી વંચિત રહ્યું છે. ગ્રામ પંચાયતના ભ્રષ્ટ અને અનઘડ વહીવટને લઈ હાલ પંચાયત વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ગામમાં ફેલાયેલી ગંદકી દુર કરવામાં આવે સાથે પંચાયતના વિકાસના કામોમાં ચાલતા ભ્રષ્ટાચાર અંગેની તપાસ કરવા માટે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

વેજલપુર ગામ આસપાસના ગામો સાથે ધંધાકીય ક્ષેત્ર જોડાયેલું મોખરા સ્થાન ધરાવતું ગામ છે. વેજલપુર ગામ રાજકીય ક્ષેત્રે પણ આગળ પડતું ગણાય છે. તેમ છતાં વેજલપુર ગામ વિકાસ થી વંચિત રહ્યો છે. વેજલપુર ગામ આવેલ રૂપારેલના કિનારા ઉપર ગામની ગંદકી ઠલવાઈ રહી છે. નદી નજીક ઉર્દુ પ્રાથમિક શાળા તેમજ રહેણાંક વિસ્તારો આવેલા છે પરંતુ નદીના કિનારે ઠલવાયેલ ગંદકીને લઈ લોકો પરેશાન થઈ રહ્યા છે. હાલ કોરોના મહામારીના ભય થી લોકો ડરી રહ્યા છે. તેવા સમયે ગંદકીને લઈ રોગચાળાના ભય વધુ સતાવી રહ્યો છે. વેજલપુર ગામમાં માત્ર રૂપારેલ નદીના કિનારાના ભાગે ફેલાયેલી ગંદકી નહિ પરંતુ પંચાયતના અનેક વિસ્તારો ગંદકી થી ખદબદી રહ્યા છે. તેમ છતાં ગ્રામ પંચાયતના વહીવટ કર્તાઓને આવી ગંદકી દુર કરવામાં રસ નથી. પંચાયતના વહીવટકર્તા સરપંચ અને તલાટીને અવાર-નવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવામા આવી છતાં તેમના પેટનું પાણી હાલતું નથી. રૂપારેલ નદી કિનારે ઠલવાતા ગામના કચરાંને લઈ ગંદકી ઉભી થાય છે. ગામનો ઘન કચરાને ઠાલવવા માટે પંચાયત દ્વારા નીમ કરેલ સ્થળે ગંદા કચરાનો નિકાલ નહિ કરતાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી છે. તેનો કાયમી ધોરણે નિકાલ થાય તે જરૂરી છે.


વેજલપુર પંચાયત વિસ્તારમાં આવતાં હરીજનવાસ, ભોઈવાડા, પટેલવાડા વિસ્તારના રહિશોના બાળકો શાળામાં જવા માટે રૂપારેલ નદી માંથી પસાર થાય છે. નદી ઉપર કોઈ બાળકે સુરક્ષા દિવાલ કે બ્રીજ થી વ્યવસ્થા ન હોવાને લઈ ૨૦૧૯ના વર્ષમાં શાળાથી પરત જતાં બાળકનું ડુબી જવાથી મોત થયેલ હતું અને આ બાબતે ગ્રામ પંચાયત અજાણ નથી તેમ છતાં રૂપારેલ નદી ઉપર અન્ય વિસ્તારને જોડતા બ્રીજ બનાવવામાં અનદેખી કરવામાં આવી રહી છે. ગ્રામ પંચાયતના વહીવટકર્તાઓ માત્ર નદી કિનારે ઠલવાતા કચરાને ભ્રષ્ટાચાર કરવાનું સાધન બન્યું છે. વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારની ગંદકીનું સામ્રાજ્ય દુર કરવામાં આવે. રૂપારેલ નદી કિનારે થી ગંદકી દુર કરાય, અત્યાર સુધી પંચાયત દ્વારા સફાઈના નામે ભ્રષ્ટાચાર કર્યો હોય તેની તપાસ જીલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું.

## વેજલપુર પંચાયતના સત્તાધિશોએ કચરા માટે ફાળવેલ જગ્યા અન્ય હેતુ માટે ફાળવી

વેજલપુર ગ્રામ પંચાયતને સરકાર દ્વારા ઘન કચરાના નિકાલ માટે જગ્યા નીમ કરી આપેલી હતી. પરંતુ પંચાયતના શાસકકર્તાઓ દ્વારા કચરો ઠાલવવા માટે ફાળવેલ જગ્યાને અન્ય હેતુ માટે ફાળવી દેવામાં આવતાં ગામનો કચરો રૂપારેલ નદીમાં ઠાલવવામાં આવી રહ્યો છે.

## સરકારે ફાળવેલ જગ્યા એ કચરો ઠલવાયતો નદી કિનારે ફેલાતી ગંદકી દુર થશે

વેજલપુર ગ્રામ પંચાયતને ગામના ઘન કચરાના નિકાલ માટે ફાળવેલ જમીન પંચાયતના સત્તાધિશો એ અન્ય હેતુ માટે ફાળવી દેવામાં આવી છે. તે પંચાયત પરત મેળવીને ગામનો કચરો ઠાલવવા માટે ઉપયોગમાં લેવાશે ખરી ? જો આમ ન થાય તો નદી કિનારે જોવા મળતાં ગંદકીના ઢગલા આ સ્થિતીમાં રહેશે.




# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૨૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા, પંચમહાલ જીલ્લ સહિત ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના કેસમાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. તે ચિંતા ઉપજાવે તેવા છે. જીલ્લામાં આજરોજ ૨૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જયારે બે કોરોના દર્દીના મોત નિપજાવા પામ્યા છે. આરોગ્ય વિભાગ તેમજ વહીવટી તંત્ર સંક્રમણ થી બચવા લોકોને માસ્કનો ઉપયોગ કરવા અપીલ તેમજ કોરોના વેકસીન લેવા અપીલ કરી રહ્યા છે.

પંચમહાલ જીલ્લામાં ગોધરા શહેર બીજા સ્ટેન્ડના કોરોના મહામારીમાં વધુ સંક્રમણનો ભોગ બન્યું છે. સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં લોકો ભાન ભૂલીને સોશ્યલ ડિસ્ટન્સ નહિ જાળવી તેમજ માસ્કનો ઉપયોગ કરવાનું ટાળ્યું તેના પરિણામે કોરોના સંક્રમણમાં વધારો જોવા મળ્યો છે. ગોધરા શહેરના તમામ વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ જોવા મળી રહ્યા છે. તેમાં પણ બીજા સ્ટેન્ડ કોરોના સંક્રમણમાં ભોગ બનતા દર્દીઓના મોતના આંક પણ વધી રહ્યો છે. તેને લઈ આરોગ્ય વિભાગ ચિંતીત બન્યું છે. આજરોજ જીલ્લામાં ૨૭ કોરોના પોઝીટીવ દર્દી નોંધાયા છે. બે દર્દીઓના મોત નિપજાવા પામ્યા છે. જયારે ૨૫ જેટલા દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. હાલ જીલ્લામાં ૨૩૦ સક્રિય દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

## ગોધરાવાસીઓ સાવચેત : ૧૦ દિવસોમાં ઓફ ધ રેકોર્ડ કોરોના થી મૃત્યુ આંક ૧૫

પંચમહાલ જીલ્લામાં છેલ્લા ૧૦દિવસમાં કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોનાના પોઝીટીવ દર્દીઓના મોતના આંકડા પણ વધી રહ્યા છે. છેલ્લા ૧૦ દિવસમાં સરકારી ચોપડે ગોધરા સિવિલ હોસ્પિટલમાં કોરોનાના ૦૫ દર્દીઓ એ જીવ ગુમાવ્યો છે. ત્યારે ઓફ ધ રેકોર્ડ ૧૦ દિવસમાં ૧૫ થી વધુ લોકો કોરોના થી મૃત્યુ પામ્યા છે. જીલ્લાવાસીઓને અપીલ છે કે, સોશ્યલ ડિસ્ટન્સ જાળવીએ, માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ અને વધુ ભીડભાડવાળા વિસ્તારોથી દુર રહો, બને ત્યાં સુધી કામ સિવાય બહાર જવાનું ટાળો.

## ૨૨ માર્ચ થી ૧ એપ્રિલ સુધી નોંધાયેલા દર્દીઓ

| માર્ચ | દર્દીઓ | મૃત્યુ આંક |
|---|---|---|
| ૨૨ | ૨૩ | ૦૦ |
| ૨૩ | ૨૨ | ૦૦ |
| ૨૪ | ૨૧ | ૦૦ |
| ૨૫ | ૨૮ | ૦૦ |
| ૨૬ | ૨૫ | ૦૦ |
| ૨૭ | ૨૮ | ૦૨ |
| ૨૮ | ૨૭ | ૦૦ |
| ૨૯ | ૨૬ | ૦૧ |
| 30 | ૨૭ | ૦૦ |
| ૩૧ | ૨૮ | ૦૦ |
| એપ્રિલ | | |
| ૦૧ | ૨૭ | ૦૨ |

## ગોધરા કોર્ટમાં ચાર વ્યકિતઓ પોઝીટીવ

ગોધરા કોર્ટ ખાતે રેપિડ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. રેપીડ ટેસ્ટ દરમ્યાન ૪ વકીલો કોરોના પોઝીટીવ આવ્યા છે. કોર્ટના વકીલો પોઝીટીવ આવતાં તેમના સંપર્કમાં આવેલ લોકો એ પોતાના કોરોના ટેસ્ટ કરાવે તે જરૂરી.

## ગોધરા કોર્ટમાં સેશન્સ જજનું કોરોનામાં અવસાન

ગોધરાના જોઈન્ટ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ ઉમંગ વ્યાસનું અવસાન થયા બાદ કોરોનાથી મૃત્યુ થવાનો અહેવાલ સામે આવ્યો હતો.

## પંચમહાલ જીલ્લામાં કોરોનાના કેસ

ગોધરા-૧૦
ગોધરા ગ્રામ્ય - ૦૨
હાલોલ -૦૯
કાલોલ - ૦૫
ઘોઘંબા - ૦૧
સક્રિય કેસ - ૨૩૦
રજા અપાઈ - ૨૫

# કાલોલ ચલાલી ગામમાં જાહેર માર્ગ પર મકાનના બાંધકામમાં દબાણ કરાતાં ગ્રામજનો દ્વારા અપાયું આવેદન



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, કાલોલ તાલુકામાં આવેલ ચલાલી ગામમાં વોર્ડનં-૧ (એક) ના વચલા ફળિયામાં જાહેર રસ્તા ઉપર મકાન બાંધકામ થાય છે. ચલાલી ગામે વોર્ડનં-૧ ના વચલા ફળિયામાં રહેતા એક પરીવાર નાં બે ભાઈઓ દ્વારા જાહેર માર્ગ પર નીચઢવણી થી સામેવાળા રસ્તો ખોદી બળ જબરીથી મકાન બનાવે છે. જેઓને આ રસ્તા ઉપર માલિકી કે હક હિસ્સો લાગતો નથી. આમ છતાં દાદાગીરી કરી રસ્તો ખોદી નાખેલ છે. જેના કારણે જાહેર રસ્તા ઉપર આસપાસના રહીશો ને ખેતરોમાંથી વાહન મારફતે અનાજ, ખાસ તથા સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં માલ સામાન લાવવામાં અડચલ રૂપ થતાં હોય છે . સામાજિક લગ્ન પ્રસંગોમાં ચલાલી ગામના દરેક વરઘોડા આ રસ્તા ઉપરથી પસાર થાય છે. તેમ છતાં ધાક ધમકી આપી આ રસ્તો ખોદીને હાલમાં મકાનનું કામ ચાલુ કરેલ છે. જેની જાણ અગાઉ ફળિયાના રહીશો અને ગ્રામજનોએ ચલાલી ગામના સરપંચને વારંવાર ધ્યાન દોર્યું હતું. પરંતુ સરપંચનું પણ માનવા તૈયાર નથી. જ્યારે આવાં દબાણ દુર કરવાં ગ્રામજનોએ સરપંચ તથા તલાટી કમમંત્રી અને ગ્રામ પંચાયતના સભ્યોને પણ સ્થળ પર બોલાવી દબાણ અટકાવા માટે પ્રયત્ન કર્યો હતાં. આવી મનમાનિ કરતાં બે ભાઈઓ રસ્તા ઉપરનુ સરકારી કામ કરવા ૪ માસથી સી.સી.રોડ બનાવવાં કપચી નાખેલ છે પંરતુ કામગીરી માં અવરોધ ઊભો કરી પોતાની મનમાની ચલાવે છે. જેના કારણે ગામનાં વિકાસમાં અવરોધરૂપ બની કામગીરી પૂર્ણ થવા દેતાં નથી.ગ્રામ જનોના જણાવ્યા અનુસાર દબાણ કરતા વ્યકિત માથા ભારે હોય જેનાં કારણે ગ્રામજનો ઉપર કયા ટાઈમે હુમલો કરે અથવા કરાવે તે નક્કી કહી શકાય તેમ નથી અને ભવિષ્યમાં આ નાની બાબતનું પરિણામ વિશાળ ના બને તે હેતુથી ગ્રામજણો દ્વારા કાલોલ મામલતદાર કચેરી ખાતે અને તાલુકા વિકાસ અધિકારી ને આવેદનપત્ર આપવામાં આવ્યું.

# હાલોલના વાવડી કાકલપુર પાસે જંગલમાં લાગી આગ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, હાલોલ તાલુકાના વાવડી કાકલપુર પાસેના જંગલમાં દવ લાગતા સ્થાનિક રહીશો તેમજ વન વિભાગ દ્વારા આગને બુઝાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સુકા પાંદડા તેમજ પવનને લઈ આગ વધુ પ્રસરે તેની ચિંતા આગને કાબુ લેવાના પ્રયાસ ચાલુ છે. હાલોલ તાલુકાના વાવડી કાકલપુર પાસેના જંગલમાં કોઈ કારણોસર આગ લાગી છે. હાલમાં પાનખર ઋતુ હોવાને લઈ સુકા પાન પથરાયેલા હોય તેવામાં આગ લાગતા જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. જંગલમાં લાગેલ આગને બુઝાવવા માટે સ્થાનિક ગ્રામજનો તેમજ વન વિભાગ દ્વારા પ્રયાસો કરવમાં આવી રહ્યા છે. પરંતુ જંગલમાં સુકા પાંદડા તેમજ પવનને લઈને આગ વધુ પ્રસરવાની ચિંતા સતાવી રહી છે. જંગલમાં દવ લાગવાને લઈ જંગલના પ્રાણીઓને નુકશાન થવાની ભીંતિ સતાવી રહી છે. વન વિભાગ અને સ્થાનિકો દ્વારા આગને બુઝાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# કાલોલ મામલતદાર કચેરી ખાતે નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટીની ઉપસ્થિતિમાં લઘુમતી લોકોમાં જાગૃત અભિયાન લાવવા બેઠક યોજાઈ



કાલોલ, કાલોલ શહેરમાં કોવિડ-૧૯ નાં વધતા કેસોને ધ્યાનમાં રાખી જિલ્લા તંત્ર સજાગ બની લઘુમતી કોમના લોકો ને માર્ગદર્શન આપી જાગૃતતાં લાવવા કાલોલ મામલતદાર કચેરી ખાતે એક બેઠક યોજાઈ હતી. જેમાં પંચમહાલ જિલ્લા નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટીની ઉપસ્થિતિ માં કાલોલ શહેરમાં આવેલી પાંચ મસ્જિદમાં શુક્રવારના દિવસે જિલ્લા તંત્ર દ્વારા બનાવેલ પાંચ ટીમો દ્વારા નિરીક્ષણ કરી કેમ્પનું આયોજન કરવા માટે એક બેઠક યોજાઈ હતી. જેમાં વધું માં વધુ લઘુમતી કોમના લોકો માં જાગૃતતા આવે અને કોવિડ-૧૯ ની ગાઈડ લાઈન પ્રમાણે વેક્સિન લે તે માટે ટીમનું આયોજન કરવામાં આવ્યું હતું.જિલ્લા તંત્ર દ્વારા બનાવેલ પાંચ ટીમો શુક્રવારના રોજ જાગૃતતા અભિયાન માટે માર્ગદર્શન આપશે અને શનિવારના રોજ તમામ મસ્જિદ પાસે રસી કેમ્પનું આયોજન કરવામાં આવશે. મામલતદાર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી અમિતા પારગી, કાલોલ મામલતદાર પી.એમ.જાદવ, નાયબ મામલતદાર મનોજ મિશ્રા, નગરપાલિકાના, ચીફ ઓફિસર મહેન્દ્ર સોલંકી, તાલુકા વિકાસ અધિકારી સેજલ સંગાડા, કાલોલ મેડીકલ ઓફિસર, નગરપાલિકાના પ્રમુખ સેફાલી ઉપાધ્યા, ધર્મગુરૂ, શહેર કાઉન્સીલે આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

પંચમહાલ જિલ્લાની કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં આજરોજ બાળકોનો સન્માન સમારંભ યોજાયો. દર વર્ષે શાળાના આચાર્ય સતિષભાઈ પ્રજાપતિના જન્મદિવસ નિમિત્તે શાળાના ધોરણ ૧ થી ૮ના આદર્શ બાળકોને સન્માનિત કરવામાં આવે છે. ત્યારે ચાલું વર્ષે ધોરણ ૧ થી ૮ ના આદર્શ બાળકોને ''શાળા રત્ન સન્માન - ૨૦૨૧''તેમજ કોરોના અંતર્ગત જે બાળકોએ ઓનલાઈન શિક્ષણ કાર્ય સારી રીતે કરેલ છે. તેવા બાળકોને ''બાળ વોરિયર્સ સન્માન-૦૨૧''થી સન્માન કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં કોરોના ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવ્યો. જેમાં ગામમાંથી આદરણીય સરપંચ, એસ.એમ.સી અધ્યક્ષ, તાલુકા સદસ્ય તેમજ સી.આર.સી. કો.ઓ. હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સદર જન્મદિવસ નિમિત્તે શાળાના એક છોડ અર્પણ કરવામાં આવ્યો હતો.

# ગોધરા માર્કેટીંગયાર્ડ પાછળ રેલ્વે ટ્રેક ઉપર અજાણી મહિલા અડફેટમાં આવતાં મોત



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગોધરા માર્કેટીંગ યાર્ડ પાછળના ભાગ થી પસાર થતી રેલ્વે ટ્રેક ઉપર અજાણી મહિલા ટ્રેનની અડફેટમાં આવતાં ૧૦૮ ટીમે મહિલાને બચાવવા પ્રયાસ કર્યા પણ સારવાર મળે તે પહેલા મહિલાનું મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર માર્કેટીંગયાર્ડની પાછળના ભાગની પસાર થતી મુંબઈ-દિલ્હી રેલ્વે ટ્રેક ઉપર અજાણી મહિલા ટ્રેનની અડફેટમાં આવી છે અને ગંભીર ઈજાગ્રસ્ત હોય તેવા કોલ ૧૦૮ની ટીમને મળતાં ૧૦૮ની ટીમે ૧ કિલો મીટર સુધી રેલ્વે ટ્રેક ઉપર પગપાળા ચાલીને ઈજાગ્રસ્ત મહિલા સુધી પહોંચ્યા હતા. ત્યારે મહિલાને સારવાર મળે તે પહેલા મોત નિપજાવા પામ્યું હતું. મળતી માહિતી મુજબ અજાણી મહિલા એ ટ્રેન નીચે પડતું મૂકીને આપઘાત કર્યો છે. આ બાબતે રેલ્વે પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



કાલોલમાં કોવિડ-૧૯ના વધતા કેસો સામે રક્ષણ મેળવવા કાલોલ બાર એસોસિયેશન જાગૃત થઈ રેફરલ હોસ્પિટલ કોવિડ- ૧૯ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગુરૂવારના રોજ વેક્સિન લીધી હતી. કાલોલ રસીકરણ બુથ ઉપર પર કાલોલ બાર એસોસિયેશનના વકીલો તેમજ કાલોલ કોર્ટ સ્ટાફના તમામ કર્મચારીઓનું કોરોના રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બાર એસોસિયેશનના પ્રમુખ, સેક્રેટરી અને ઉપપ્રમુખ સહિત વકીલ મિત્રો સાથે કોર્ટ સ્ટાફના સહિત અંદાજીત 30 કર્મચારીઓએ કોરોનની વેક્સિન લીધી હતી. કોરોના વેક્સિનેશનના ત્રીજા તબક્કાનું રસીકરણ ચાલુ છે. ત્યારે કાલોલ બાર એસોસિયેશનના સેક્રેટરી કાન્તીભાઈ સોલંકીએ જણાવ્યું કે, કોરોના મહામારી થી બચવા COVID-19 ની અગમચેતીરૂપે સરકારની ગાઈડ લાઈન્સ મુજબ સરકારના પ્રયત્નોને બિરદાવતા દરેક વકીલ મિત્રો તથા તમામ સરકારી કર્મચારીઓને કોઈ પણ પ્રકારના ભય વગર વેક્સિન મુકાવી જોઈએ તેવી અપીલ કાલોલ બાર કાઉન્સીલના સેક્રેટરી કરી હતી.